શહેરમાં બપોરે વરસાદી ઝાપટું

બપોરે વાતાવરણ પલ્ટાના અંતે વરસાદના ધોધમાર ઝાપટાથી ઠંડકનુ મોજુ : ગાંધીનગર તાલુકામાં એક ઇંચ વરસાદ વરસ્યો : શહેરમાં પણ વરસાદી ઝાપટાના લીધે સેકટરોમાં ઠેર ઠેર પાણી ભરાયા

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગરમાં અત્યાર સુધી સિઝનનો ૨૦ ઈંચ જેટલો વરસાદ થયો છે. જયારે છેલ્લા બે ત્રણ દિવસથી વરસાદની ગેરહાજરી વચ્ચે વાતાવરણમાં અસહ્ય ઉકળાટ પ્રવર્તયો હતો. નગરજનો પણ આકરી ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા હતા. જયારે આજે દિવસ દરમિયાન બપોરના સમયે અચાનક જ વરસાદી ઝાપટાના લીધે સેકટરોમાં પાણી ભરાઇ ગયા હતા વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી હતી. ગાંધીનગર શહેર તેમજ તાલુકામાં ૨૦ મી મી વરસાદ વરસ્યો હતો.

ગાંધીનગર શહેરમાં આજે બપોરે આકાશમાં ઘેરાયેલા વાદળો વરસી પડતા ભારે વરસાદી ઝાપટાના અંતે સેકટરોમાં ઠેર ઠેર પાણી ભરાઇ ગયા હતા. સવારે આકાશ ચોખ્ખ જોવા મળ્યુ હતુ. જયારે આકરા બફારા વચ્ચે સુરજ તપતા સવારથી જ નગરજનોએ આકરી ગરમીનો અહેસાસ કર્યો હતો. જયારે અસહ્ય ગરમી વચ્ચે નાટયાત્મક વાતાવરણ પલ્ટો જોવા મળ્યો હતો. જેના લીધે બપોરના સમયે આકાશમાં ગોરંભાયેલા

● અનુસંધાન પાન-૭ પર

શહેરની ૩૦ શૈક્ષણિક સંસ્થામાં મચ્છરોના બ્રિડીંગ મળતાં તંત્ર ચોક્યુ

સંચાલકોને કડક તાકીદ કરી તંત્રએ એન્ટી લારવેલની કામગીરી હાથ ધરી

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરી મેલેરિયા તંત્રની ૮ જેટલી ટીમો આજે શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલ શૈક્ષણિક સંસ્થાઓ પર ત્રાટકી અને સર્વેલન્સને સઘન કર્યુ હતુ.

શહેરની ૯૮ જેટલી શૈક્ષણિક સંસ્થાઓ પર ત્રાટકેલી ટીમોએ ટાંકી, ટાંકા, હોઝ, ધાબા સહિતની તપાસ હાથ ધરી હતી. ૩૦ જેટલી શૈક્ષણિક સંસ્થાઓમાંથી મચ્છરોના ભારે બ્રીડીંગ મળી આવતાં શૈક્ષણિક સંસ્થાના સંચાલકોને આ માટે કડક તાકીદ કરી અને એન્ટી લારવેલની કામગીરી હાથ ધરી હતી.

શહેરમાં ગત વર્ષે બાળ દર્દીઓની સંખ્યાનું પ્રમાણ વધુ જોવા મળ્યુ હતુ તેથી આ વખતે આજે તંત્રએ આ સર્વેલન્સને સઘન અભિયાનના ભાગરૂપે હાથ ધર્યુ હતુ.

૩૦ શાળાના ૧૨૧ જેટલા સ્થાનો પર બ્રિડીંગ મળી આવ્યા હતા. તંત્ર દ્વારા શહેર માટે સંવેદનશીલ વિસ્તારો વાહકજન્ય રોગચાળા માટે ઓળખી કાઢવામાં આવ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આજે બનાવાયેલી ૮ ટીમોમાં આરોગ્યના ૬૦થી વધુ કર્મચારીઓ સર્વેલન્સમાં જોડાયા હતા. શહેરમાં મેલેરિયાના કેસોમાં ઘટાડો જોવા મળ્યો છે જ્યારે ડેન્ગ્યુના છુટા છવાયા કેસો નોંધાયા હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

બિનસત્તાવાર વિગતો પ્રમાણે શહેરમાં ડેન્ગ્યુના ૨૦ જેટલા કેસ અત્યાર સુધીમાં મળી આવ્યા છે. જેમાં નવ જેટલા કેસ ખાનગી હોસ્પિટલમાં નોંધાયેલા છે તેનો પણ સમાવેશ થાય છે. વાહકજન્ય રોગચાળાની કોઈ જ સ્થિતિ નહિ હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ કહ્યુ છે કે તંત્ર સંપૂર્ણ સતર્કતા સાથે પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહેલ છે.

શહેર અને જિલ્લાના પ્રશ્નો ઉકેલવામાં તંત્રની ઉદાસીનતા સામે કોંગી ધારાસભ્યો નારાજ

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરના પ્રશ્નો ઉકેલવામાં તંત્રની ઉદાસીનતા સામે આજે કોંગ્રેસના ધારાસભ્યો બળદેવજી ઠાકોર અને ડૉ. સી.જે. ચાવડાએ સંકલન સમિતિની બેઠકમાં અધિકારીઓને આડે હાથ લઈ પક્ષપાતી નહિ પણ તટસ્થતા સાથે વહીવટીય કાર્યવાહી કરવા આગ્રહ કર્યો હતો.

ગાંધીનગરના વિવિધ સેક્ટરોમાં રહેઠાણ વિસ્તારોમાં ગેરકાયદે હોસ્ટેલ બનાવી અને કરાતા વેપાર સામે રોષ આ ધારાસભ્યોએ વ્યક્ત કર્યો હતો. તંત્રના અધિકારીઓ તપાસ કરે પછી એક પ્લોટ માલિકને નોટીસ આપે પછી બીજાને બાકી રાખે. આ ઉપરાંત આવી હેતુફેરની કાર્યવાહી સામે કેમ સીલીંગ કરવામાં આવતુ નથી. જિલ્લા કલેક્ટરશ્રીએ એક જ સપ્તાહમાં આ અંગે સર્વેલન્સ કરી કડક કાર્યવાહી કરવામાં આવશે તેવી હૈયાધારણ આપી હતી.

શહેરમાં પેયજળના પુરવઠો જે અપાય છે તેમાં ડહોળા પાણી આવે છે તેની ફરિયાદો પછી પાણી ઉપાડવામાં કાપ મૂકવો. મેયરે મીટીંગ કરી તો પુરા ફોર્સથી પાણી આવશે તેવી જાહેરાત સાથે પાણી ઉકાળીને પીવા માટે અન્ય વપરાશમાં લેવાની અપીલ સાથે મોટી મોટી જાહેરાતો કરાઈ. આજે પણ શહેરમાં પેયજળનો પુરવઠો

કોંગી ધારાસભ્યો ચાવડા-ઠાકોરે અધિકારીઓને આડે હાથ લીધા : માત્ર વાતો નહિ નક્કર ઉકેલ લાવો

પુરા ફોર્સથી અપાતો નથી એટલુ જ નહિ પાણીની ડહોળાશ પણ દૂર નથી થઈ.

અસરગ્રસ્ત ખેડૂતોના પ્રશ્નો અંગે વારંવાર રજુઆત પછી પણ ઉકેલ આવતો નથી. આ પ્રશ્નો બાબતે તંત્ર મીટીંગ કરવાની વાતો કરે છે પણ મીટીંગ યોજાતી જ નથી. અસરગ્રસ્તોને દહેગામ તાલુકામાં વૈકલ્પિક જમીન આપવાની વાત પણ અભેરાઈએ ચડાવી દેવાઈ છે તે યોગ્ય નથી.

અસરગ્રસ્તોને માઈક્રો શોપીંગમાં દુકાનો ભાડે આપી મનપા તંત્રએ હવે તેમની પાસેથી મિલ્કતવેરો પણ વસુલવામાં આવે છે આ ક્યાંનો ન્યાય છે. ભાડુઆત માલિક નથી એ વાત તંત્રના અધિકારીઓ જાણતા નથી તેમણે આ દુકાનો માલિકી હક્કથી અસરગ્રસ્તોને આપવી જોઈએ તેવી પણ માંગ આ ધારાસભ્યોએ કરી હતી.

સે. ૧૬, ૨૪ સહિત ઘણા બધા વિસ્તારોમાં ગટરો ઉભરાઈ રહી છે પરંતુ તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવતી જ નથી ખુબ દુઃખદ છે.

ધો. ૧ થી ૮માં પ્રવેશ માટે એન્ટ્રસ એક્ઝામ લેતી શૈક્ષણિક સંસ્થા અંગે લેખિતમાં રજુઆત કરવા છતાંય પગલાં લેવામાં

● અનુસંધાન પાન-૭ પર

તહેવારોમા વધારાની બસો દોડાવી ડેપોએ ૮.૮૧ લાખની આવક કરી

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગર એસ ટી ડેપોએ સાતમ આઠમના તહેવારોની સિઝનનમાં દાહોદ જાલોદ તેમજ સૌરાષ્ટ્ર રૂટની વધારની ૧૫૪ જેટલી ટ્રીપો દોડાવી વધારાની રૂ ૮.૮૧ લાખની આવક કરી છે. તહેવારો તેમજ ધાર્મિક પ્રસંગે પણ એસ ટી નિગમ દ્વારા મુસાફરોની સુવિધા માટે વધારાની બસ સેવાના રૂટ ગોઠવી તગડી આવક પણ કરી લેવામાં આવે છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં સલામતીના નામે મીંડુ છે. મુસાફરોને સલામતી અને સુવિધા આપવા માટે કોઈ નક્કર આયોજન થતુ નથી. પરંતુ એસ ટી નિગમ દ્વારા વારે તહેવારે મુસાફરોને બસ સેવા પુરી પાડવા વધારાની બસો પણ દોડવવામાં આવે છે. હોળી ધુળેટી, દિવાળી , સાતમ આઠમના પર્વ દરમિયાન પણ એસ ટી તંત્ર દ્વારા વધારાની બસો દોડાવામાં આવે છે. આ વર્ષે પણ એસ ટી તંત્ર દ્વારા દાહોદ જાલોદ તેમજ સૌરાષ્ટ્રના રૂટમાં ટ્રાફિકને પહોંચી વળવા માટે ૧૫૪ જેટલી વધારાની ટ્રીપો દોડાવામાં આવી હતી. આ વધારાની બસ સેવાના લીધે મુસાફરોને પણ યોગ્ય બસ સુવિધા મળી રહી હતી. તહેવારના દિવસોમાં પરિવારજનોએ બસ સેવા માટે હાલાકી વેઠવી પડી ન હતી. જયારે આ વધારાની બસ સેવાના લીધે ગાંધીનગર એસ ટી ડેપોને પણ રૂ ૮.૮૧ લાખની વધારાની આવક થઈ હતી. ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા લગ્નવર્ધિ તેમજ સરકારી અને ધાર્મિક કાર્યક્રમોમાં પણ વધારાની બસો દોડાવામાં આવે છે.

ધો.-૧૦ના આન્સરશીટની ચકાસણીમાં ટોટલમાં ભૂલ કરનાર ૧૯૧ શિક્ષકો દંડાયા

ગાંધીનગર, તા.૩૧

શિક્ષણ બોર્ડના સત્તાવાળાઓએ બીજા તબક્કાની હાથ ધરવામાં આવેલી પ્રવેશ કાર્યવાહી અંતર્ગત ધોરણ ૧૦ની ગુજરાતી વિષયની આન્સરશીટની ચકાસણીમાં માર્કસની ગણતરીમાં ગોટાળો કરનારા શિક્ષકોને રૂબરુમાં બોલાવાયા હતા અને ૧૦ માર્કસથી વધુ માર્કસની ગણતરીમાં ભૂલ કરનારા શિક્ષકોને ભૂલ દીઠ રૂપિયા ૧૦૦ના હિસાબે કાર્યવાહી કરાઈ હતી. બોર્ડની માર્ચ ૨૦૧૯ની પરીક્ષાની આન્સરશીટની ચકાસણીમાં માર્કસનું ટોટલ મારવામાં ભૂલ કરનારા ૧૯૧ શિક્ષકોને રૂપિયા ૪,૧૭,૩૦૦નો દંડ ફટકારાયો હતો. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ (જીએસઈબી)ની ધોરણ ૧૦ની પરીક્ષા માર્ચ ૨૦૧૯માં લેવાઈ હતી. આ પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓની પરીક્ષા બાદ હાથ ધરાયેલી આન્સરશીટ ચકાસણી પ્રક્રિયામાં આન્સરશીટમાં એ, બી, સી,ડી એમ ચાર સેક્શનમાં વિદ્યાર્થીઓએ મેળવેલા કુલ માર્કસનું ટોટલ મારવામાં ભૂલ કરનારા અમદાવાદ, ગાંધીનગર, જામનગર, કચ્છ, વલસાડ, સુરત સહિતના વિવિધ જિલ્લાઓના ૩૭૧ શિક્ષકોને હિયરિંગ માટે બોલાવાયા હતા, જેમાંના ૨૯૧ જેટલા હાજર શિક્ષકોને રૂ. ૪૩૮૪૧૭નો દંડ કરાયો હતો. ધોરણ ૧૦ બોર્ડના શિક્ષકોને રૂ. ૧૦૦૦થી રૂ. ૮૦૦૦ સુધીનો દંડ કરાયો હતો. પ્રત્યેક શિક્ષકોએ ઓછામાં ઓછા ૧૦ ગુણની ભૂલ કરી હોવાથી તેમને રૂ. ૧૦૦૦ સુધીનો જ્યારે એક શિક્ષકને સૌથી વધુ ૮૦૦૦ સુધીનો દંડ થયો હતો.

અમરેલી તાલુકા કોંગ્રેસમાં ગાબડું

અમદાવાદ, તા.૩૧

વિપક્ષ નેતા પરેશ ધાનાણીના ગઢ અમરેલીમાં ફરી એકવાર ગાબડું પડ્યું છે. આજે ધારી તાલુકા કોંગ્રેસના પ્રમુખ સહિત ૬૦ કાર્યકરોએ કેસરિયો ધારણ કરી ભાજપમાં જોડાયા છે. ધારી માર્કેટીંગ યાર્ડ ખાતે ટિફિન મીટીંગ યોજાઈ હતી. જે મીટીંગમાં પરષોતમ રૂપાલા અને મંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાની હાજરીમાં ધારી તાલુકા કોંગ્રેસ પ્રમુખ પરેશ પટણી સહિત ૬૦ કાર્યકરો ભાજપમાં જોડાયા હતા. જુદા જુદા જિલ્લા અને તાલુકા મથકોએથી સ્થાનિક આગેવાનો, નેતાઓ અને કાર્યકરો કોંગ્રેસમાંથી રાજીનામું આપી, પક્ષ સાથેનો છેડો ફાડી ભાજપમાં જોડાઈ રહ્યા છે.

લગ્ન વિષયક

લગ્ન વિષયક સુખી સંપન્ન અને પેન્શન ધારક સુશિક્ષિત નેત્રહિન સિનિયર સીટીઝન વિધુર ૬૫ વર્ષ માટે જીવનસાથી આવકાર્ય. સંપર્ક-

ફોન : ૯૪૨૮૦૨૭૭૪૪

મુખ્યપ્રધાન વિજય રૂપાણીનું શાસનરત્ન એવોર્ડથી સન્માન

પર્યુષણ મહાપર્વ અવસરે વિજય રૂપાણીનું સન્માન : જીવદયાના આદર્શોથી મોદીની કલ્પનાનુ ભારત જગતગુરુ બનશે : દિવ્ય-ભવ્ય ગુજરાત અને ભારતનું નિર્માણ કરાશે

અમદાવાદ,તા.૩૧

મુખ્યમંત્રી વિજય રૂપાણીનું શ્રીમદ રાજચન્દ્ર મિશન ધરમપુર દ્વારા પર્યુષણ મહાપર્વ અવસરે મુંબઈમાં શાસનરત્ન એવોર્ડથી ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. શ્રીમદ રાજચન્દ્ર મિશન ધરમપુરના સંસ્થાપક આધ્યાત્મિક ગુરૂદેવ રાકેશભાઈએ મુખ્યમંત્રીને આ શાસનરત્ન એવોર્ડ અર્પણ કર્યો હતો. કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયુષ ગોયેલ તથા અંજલિબહેન રૂપાણી સહિત હજારો મુમુક્ષુઓ મુંબઈમાં વરલી ખાતે આયોજિત આ સમારોહમાં ઉપસ્થિત હતા. વિજય રૂપાણીએ શ્રીમદ રાજચન્દ્ર મિશન દ્વારા ધરમપુરમાં નિર્માણ થયેલા એનિમલ નર્સીંગ હોમનું વર્ચ્યુઅલ લોકાર્પણ આ વેળાએ કર્યુ હતું. તેમણે ગુરૂદેવ રાકેશભાઈના પુસ્તક 'ભગવાન મહાવીરના મંગલમય સિધ્ધાંતો'ના હિન્દી-ગુજરાતી-અંગ્રેજી સંસ્કરણ અને સીડીના વિમોચન પણ કર્યા હતા. મુખ્યમંત્રીએ આ શાસનરત્ન એવોર્ડ નમ્ર ભાવે સ્વીકારતાં કહ્યું કે, ''અહિંસા પરમોધર્મ''ની ભાવના સાથે રામરાજયનું નિમાર્ણ થઈ રહયું છે, ત્યાતરે શ્રધ્ધા. સાથે આપણે સૌ સાથે મળીને આગળ વધીએ. શ્રીમદ રાજચંદ્ર પુ. મહાત્માં ગાંધીજીના આધ્યાંત્મિક ગુરૂ હતા. અહિંસાની કલ્પળના શ્રીમદ રાજચંદ્રના બોધમાં રહેલી છે. મહાત્મા ગાંધીજીએ અહિંસાના સિધ્ધાં તને જીવનમંત્ર

● અનુસંધાન પાન-૭ પર

ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ

કોર્પોરેટ ઓળખ નંબર: L40200GJ1998SGC035188

રજિસ્ટર્ડ ઓફિસ : જીએસપીસી ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦ ટેલિ.: +૯૧-૭૯-૬૬૭૦૧૦૦૧

ફેક્સ: +૯૧-૭૯-૨૩૨૩૬૪૭૭/૨૩૨૬૮૫૦૦, વેબસાઇટ: www.gspcgroup.com ઇમેઇલ: investors.gspl@gspc.in

નોટિસ

૧. વાર્ષિક સાધારણ સભા :

આથી નોટિસ આપવામાં આવે છે કે કંપનીના સભ્યોની ૨૧મી (એકવીસમી) વાર્ષિક સાધારણ સભા **મંગળવાર ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ બપોરે ૩:૩૦ કલાકે** ''એસેમ્બલી હોલ'', જીએસપીસી ભવન, ઉદ્યોગભવન પાછળ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦ ખાતે યોજાશે.

સાધારણ વાર્ષિક સભામાં હાથ ધરવામાં આવનાર સાધારણ અને વિશેષ કામગીરી નક્કી કરતી નોટિસ અને તેની સાથે સંલગ્ન, ૩૧ માર્ચ, ૨૦૧૯ના રોજના કંપનીના ઓડિટેડ નાણાકીય વિવરણો (સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ) ડિરેક્ટર્સ અહેવાલ અને તે પરનો ઓડિટર્સનો અહેવાલ જે સભ્યોએ ડિપોઝિટરીઝ / આરએન્ડટીએ / કંપની સાથે પોતાના ઈ-મેઈલ આઈડી રજિસ્ટર કરાવેલા છે, તે સભ્યોને ઈ-મેઈલ મારફતે મોકલવામાં આવ્યા છે. જે સભ્યો એ તેમના ઈ-મેઈલ આઈડી રજિસ્ટર કરાવ્યા નથી / જેમણે ભૌતિક નકલ માટે વિશેષ વિનંતી કરેલ છે તે સભ્યોને કુરિયર મારફતે ૩૧ ઓગસ્ટ, ૨૦૧૯ના રવાના કરેલ છે.

કૃપા કરીને નોંધ લેશો કે કંપનીનો ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.gspcgroup.com પર "Investors" વિભાગ હેઠળ ઉપલબ્ધ છે. વધુમાં વાર્ષિક સાધારણ સભામાં કરવાના કામકાજને લગતા દસ્તાવેજો કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ અને કોર્પોરેટ ઓફિસમાં કામકાજના કલાકો દરમિયાન નિરીક્ષણ માટે ઉપલબ્ધ રહેશે.

૨. એજીએમ અને ડિવિડન્ડની ચુકવણી માટે બુક બંધ :

અહીં એ નોટિસ પણ આપવામાં આવે છે કે કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૯૧ને કંપની (વ્યવસ્થાપન અને વહીવટ) નિયમો, ૨૦૧૪ અને સેબી (લિસ્ટિંગ જવાબદારી અને ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ) રેગ્યુલેશન્સ ૨૦૧૫ની સમજૂતીની કલમ ૪૨ સાથે અનુસરતા, કંપનીના સભ્યોનું રજિસ્ટર અને ટ્રાન્સફર બુક શનિવાર, ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૯ થી મંગળવાર ૨૪,સપ્ટેમ્બર ૨૦૧૯ (બંને દિવસ સહિત) ડિવિડન્ડની ચુકવણીના હેતુસર બંધ રહેશે. આગામી વાર્ષિક સાધારણ સભામાં જો ડિવિડન્ડ જાહેર થશે તો મંગળવાર, ૧ ઓકટોબર, ૨૦૧૯ના રોજ અથવા તે પછી કંપનીના સભ્યોને ચુકવવામાં આવશે, જેમના નામ (એ) ઈલેક્ટ્રોનિક સ્વરૂપે શેર હોવાના સંબંધમાં ડિપોઝિટરીઝ દ્વારા રજૂ કરવામાં આવતી યાદી મુજબ, ૧૩ સપ્ટેમ્બર, ૨૦૧૯ના કામગીરીના કલાકો પૂર્ણ થવાના સમયે લાભાર્થી માલિકો તરીકે હશે અને (બી)૧૩ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ કે અગાઉ ભૌતિક સ્વરૂપે પ્રાપ્ત થયેલા શેરના તમામ માન્ય હસ્તાંતરણની અસર પછી ૧૩ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ કંપનીના સભ્યો તરીકે નોંધાયેલ હશે.

૧૩ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ કે અગાઉ ભૌતિક સ્વરૂપે શેર ધરાવવાના કિસ્સામાં તમામ હસ્તાંતરિત દસ્તાવેજો, સરનામું બદલવાની અરજીઓ, બેંકની વિગતો / આદેશો / ઈસીએસ આદેશો, પેન કાર્ડની વિગત કંપનીના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ, કાર્વી ફિનટેક પ્રાઈવેટ લિમિટેડ, કાર્વી સેલેનિયમ ટાવર બી, પ્લોટ નંબર ૩૧ અને ૩૨, ગચીબાવલી, ફાઈનાન્શિયલ ડિસ્ટ્રિક્ટ, નાનાક્રામગુડા, સેરિલિંગમપલ્લી, હૈદરાબાદ - ૫૦૦૦૩૨ ખાતે મોકલી આપવાના રહેશે. ઈલેક્ટ્રોનિક સ્વરૂપે શેર હોવાના સંબંધમાં ઉપરોક્ત વિગતો સમયસર સભ્યો દ્વારા જે-તે ડિપોઝિટરીને સમયસર મોકલી આપવી.

૩. ઇલેક્ટ્રોનિક પદ્ધતિ મારફતે મતદાન :

કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૧૦૮ને સુધારો કર્યા મુજબ કંપની (વ્યવસ્થાપન અને વહીવટ) નિયમો, ૨૦૧૪ના નિયમ ૨૦ અને સેબી (લિસ્ટિંગ જવાબદારી અને ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૪૪ સાથે વાંચ્યા અનુસાર, કંપની તેની ૨૧મી વાર્ષિક સાધારણ સભાની નોટિસમાં નિશ્ચિત કરાયેલા તમામ ઠરાવો પર મતદાન કરવા તેના સભ્યોને તેમના મતદાનના અધિકારનો ઉપયોગ કરવાની સુવિધા પ્રદાન કરીને આનંદ અનુભવે છે. સભ્યો સભાના સ્થળથી અલગ સ્થાનેથી ઈલેક્ટ્રોનિક મતદાન વ્યવસ્થાનો ઉપયોગ કરીને તેમના મતો આપી શકે છે (''દૂરસ્થ ઈ-મતદાન''). કંપનીએ ઈ-મતદાન સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ ("CDSL") ની સેવાઓ લીધી છે.

સભ્યોને વિનંતી કે ૨૧મી વાર્ષિક સાધારણ સભાની નોટિસમાં દર્શાવેલ નોટ્સ વિભાગમાં, આપેલી નોટિસમાં જણાવેલ ઠરાવો પર ઈ-મતદાન કરવા માટે ઈ-વોટિંગ સૂચનાઓ અને વિગતવાર પ્રક્રિયા જોઈ જવી.

કંપની ધારા, ૨૦૧૩ની જોગવાઈઓ અને નિયમો અનુસાર વિગતો નીચે મુજબ છે:

- ઈ-મતદાન શરૂ થવાની તારીખ અને સમયઃ શુક્રવાર, ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૯, સવારે ૯.૦૦ (ભારતીય પ્રમાણભૂત સમય).
- ઈ-મતદાન પૂર્ણ થવાની તારીખ અને સમયઃ સોમવાર, ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૯, સાંજે ૫.૦૦ (ભારતીય પ્રમાણભૂત સમય).
- દૂરસ્થ ઈ-મતદાનની કથિત તારીખ અને સમય પછી દૂરસ્થ ઈ-મતદાનની મંજૂરી આપવામાં નહીં આવે.
- ઈ-મતદાનનો અધિકાર મેળવવા માટે કટ-ઓફ ડેટ ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૯ છે.
- કટ-ઓફ ડેટ એટલે કે ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ સભ્યો / લાભાર્થી માલિકો તરીકે પત્રકમાં નામ સામેલ હોય તે વ્યક્તિ જ દૂરસ્થ ઈ-મતદાનની સુવિધાનો લાભ મેળવવાને અને સભામાં મતદાન કરવાને પાત્ર બનશે.
- કટ-ઓફ ડેટ એટલે કે ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ બેઠકની નોટિસ રવાના થયા પછી કંપનીના સભ્ય બનેલી શેર ધરાવતી કોઈ પણ વ્યક્તિ એજીએમ નોટિસના ભાગ તરીકે ઈ-મતદાનની સૂચના અનુસરીને યુઝર આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે. એજીએમ નોટિસ સીડીએસએલના પોર્ટલ www.evotingindia.com પર પણ ઉપલબ્ધ છે. તેમજ helpdesk.evoting@cdslindia.com પર મેઈલ રિક્વેસ્ટ મોકલીને વધુ માર્ગદર્શન માગી શકે છે. જો સભ્ય સીડીએસએલ સાથે ઈ-વોટિંગ માટે નોંધાયેલ હોય તો તે / તેણી હાલનો યુઝર આઈડી અને પાસવર્ડ દૂરસ્થ ઈ-મતદાન મારફત મત આપવા માટે વાપરી શકશે.
- દૂરસ્થ ઈ-મતદાન દ્વારા મતદાન કરનાર સભ્યો સભામાં હાજરી આપી શકશે, પણ તેમનો મત ફરી આપી નહીં શકે.
- મતદાન માટેની સુવિધા સભામાં ઉપલબ્ધ કરાવવામાં આવશે અને દૂરસ્થ ઈ-મતદાન દ્વારા તેમનો મત નહીં આપનાર સભામાં હાજર સભ્યો પોલપેપર મારફતે બેઠકમાં મત આપી શકશે.
- ૨૧મી વાર્ષિક સાધારણ સભાની નોટિસ કંપનીની વેબસાઈટ www.gspcgroup.com પરના "Investors" વિભાગ હેઠળ અને સીડીએસએલ પોર્ટલ www.evotingindia.com ના ઈ-વોટિંગ વિભાગ પર ઉપલબ્ધ રહેશે.
- ઈલેક્ટ્રોનિક મતદાન સૂચનાઓ માટે સભ્યો, શેરધારકો માટે અવારનવાર પૂછાતા પ્રશ્નો (એફએક્યુ) અને ઈ-મતદાન મેન્યુઅલ જે www.evotingindia.com-ના help section પર ઉપલબ્ધ છે તે જોઈ શકશે અથવા helpdesk.evoting@cdslindia.com પર ઈ-મેલ પણ મોકલી શકે છે. કોઈપણ પ્રશ્નો / ઈ-વોટિંગ સંબંધિત ફરિયાદો માટે શ્રી રાકેશ દલવી, મેનેજર, સેન્ટ્રલ ડિપોઝિટરીઝ સર્વિસિસ (ઈન્ડિયા) લિમિટેડ, ૨૫મો માળ, એ વિંગ, મેરેથોન ફ્યુચરેક્સ , મફતલાલ મીલ કમ્પાઉન્ડ, એન.એમ.જોશી માર્ગ, લોઅર પરેલ (ઈ) મુંબઈ - ૪૦૦૦૧૩ નો સંપર્ક કરી શકશે અથવા રેઝિગ્નેટેડ ઈ-મેલ આઈડી helpdesk.evoting@cdslindia.com પર અથવા ૧૮૦૦ ૨૨૫ ૫૩૩ ફોન નં. પર સંપર્ક કરી શકશે.

સભામાં હાજરી આપવાનો અને મતદાન કરવાનો અધિકાર ધરાવતા કોઈ પણ સભ્યો તેમના વતી હાજરી આપવા અને મતદાન કરવા પ્રતિનિધિની નિમણૂક કરવાનો અધિકાર ધરાવે છે અને પ્રતિનિધિ કંપનીના સભ્ય હોય તે જરૂરી નથી. પ્રતિનિધિની નિમણૂકને માન્યતા આપતો પત્ર કંપનીની કોર્પોરેટ ઓફિસ જીએસપીએલ ભવન, ઈ-૧૮, જીઆઈડીસી ઈલેક્ટ્રોનિક એસ્ટેટ, સેક્ટર-૨૬, ગાંધીનગર - ૩૮૨૦૨૮ પર સભા શરૂ થાય તેના ૪૮ કલાક પહેલાં જમા કરાવવો જોઈએ.

ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ વતી
સહી
રીના દેસાઈ
કંપની સેક્રેટરી

સ્થળ: ગાંધીનગર
તારીખ: ૩૧ ઓગસ્ટ, ૨૦૧૯

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૦૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com